જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૧/૨૦૨૫    શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૮૬/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૨૭૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન, ૧ પીક-અપ ગાડી અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૮૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ-    સમાચાર યાદી નં.૮૮/૨૦૨૫

**ક્રાઈમ બ્રન્ચઃ** ડૉ.અજય સ/ઓ અરૂણ દાસ (ઉ.વ.૪૧) (રહે. યુનિવર્સીટી પ્રોફેસર ક્વાર્ટ્સ, પારસ બિલ્ડીંગ, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, નવરંગપુરા) એ તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૨૧ થી તા.૦૮/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી ખાતે સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સીસ (એનીમેશન) વિભાગમાં કો.ઓડીનેટર તરીકે ફરજ બજાવતા એસોસીએટ પ્રોફેસર ડૉ.કમલજીત આઇ.લખતરીયા (રહે. એન્જલ ડીવાઇન એપાર્ટમેન્ટ, સંત કબીર સ્કુલ સામે એચ.એલ.કોલેજ પાછળ નવરંગપુરા) એ પોતાની ફરજ દરમ્યાન એનીમેશન વિભાગના કોટક મહેન્દ્રા બેન્ક કલોલ શાખાના બેન્કના ખાતામાંથી પોતાના તથા તેમના સબંધીઓના બેન્ક ખાતામાં રૂપિયા ૧,૧૫,૧૫,૦૫૩/- જમાં કરાવી એમ.ઓ.યુ. મુજબ યુનિવર્સીટીને આપવાના થતા રૂપિયા ૪,૦૯,૮૪,૬૯૫/- નહી આપી ગુજરાત યુનિવર્સીટીને આર્થીક નુકશાન પહોચાડી વિશ્વાઘાત કરી નાણાંની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૯/૨૦૨૫**

**આનંદનગરઃ** અવિનાશભાઇ વિનાયકભાઇ વર્તક (ઉ.વ.૮૦) (રહે. સરણમ-૭ સત્યમ સ્ટેટસની બાજુમાં રામદેવનગર રોડ વિસતનગર ચાર રસ્તા પાસે) તા.૧૬/૦૧/૨૦૨૫ કલાક ૧૧/૪૦ વાગ્યાના સુમારે રામદેવનગર સુપર સોસાયટી સામે ભાવેશ ટેઇલર્સની દુકાનની બાજુમાંથી ચાલતા પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક ફોર વ્હીલર સફેદ રંગની ગાડીમાં આવેલ ત્રણ પુરૂષોએ અવિનાશભાઇ વર્તકને રસ્તો પુછવાના બહાને ગાડી નજીક બોલાવ્યા હતા. જે ગાડીમાં આવેલ ત્રણ વ્યકિત પૈકી એક નિ:વસ્ત્ર (બાવા) પુરૂષે આર્શિવાદ આપવાનો ડોળ કરી અવિનાશભાઇ વર્તકની નજર ચુકવી હાથમાંથી સોનાની વિંટી કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ અવિનાશભાઇ વર્તક એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કનુભાઇ સબુરભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૦/૨૦૨૫**

**નરોડાઃ** જીતેશકુમાર નવિનકુમાર કુમાર (ઉ.વ.૨૩) (રહે. વાવોલ ગામ દિવ્ય ફાર્મ સામે ગોડાઉનમાં તા-જી-ગાંધીનગર.) તા.૧૭/૦૧/૨૦૨૫ના બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે નાના ચિલોડા રાધે રેસીડન્સી સામે ક્રાઉન ૧૪૦ નામની નવી બનતી સાઇટ ખાતે સાતમા માળે ધાબા ઉપર ઇલેક્ટ્રીશીયનનું કામ કરતા હતા ત્યારે ધાબાની પેરાફીટ ચડવા જતા પગ લપસી જતા સાતમા માળથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૧/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ચાંદલોડીયા દુર્ગા સ્કુલ પાછળ રામબાગ આવાસ ખાતે પ્રભુલાલ ધુલાજી વર્મા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૫ કલાક ૧૨/૪૫ થી 3/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.ચાવડા ચલાવે છે.

**ચાંદખેડાઃ** વિમલકુમાર ભરતજી ઠાકોર (ઉ.વ.૨૪) (રહે. દરબારવાસ ચાંદખેડા ગામ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ધાબાના લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

**રામોલઃ** સરલાદેવી વા/ઓ અમીતકુમારસિંહ ચૌહાન (ઉ.વ.૩૧) (રહે. અયોધ્યાપાર્ક સોસાયટી વકીલવાડી જામફળવાડી રામોલ રોડ સી.ટી.એમ.) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૫ રાતના ૧૦/30 થી તા.૧૭/૦૧/૨૦૨૫ સવારના ૬/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે લગાવેલ લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઇ.શ્રી હરેશ મથુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી